BHAVAN'S COLLEGE, DAKOR.

B.COM. SEMESTER – V

FINANCIAL MANAGEMENT - I

Paper Code : UB05CCOM22

નાણાકીય સંચાલન

Prof. D. V. Surti

Unit : 3 Capital Budgeting

મૂડી બજેટ

* **<u>પ્રસ્તાવના</u> :**

ધંધાકીય એકમમાં જયારે કાયમી મિલકતો ખરીદવામાં આવે છે ત્યારે તેને મૂડી ખર્ચ કહેવામાં આવે છે. આવા ખર્ચા રોજ બરોજ કરવામાં આવતા નથી, આવી મિલકતોનો લાભ ધંધાને લાંબા સમય સુધી મળે છે અને તે ધંધો ચલાવવામાં મદદરૂપ થાય છે.દા.ત. જમીન, મકાન, યંત્રો, ફર્નિચર, વાહનો, ઓજારો, હથિયારો વગેરે.

આવી કાયમી મિલકતોની કિંમત ખુબ જ વધુ હોવાથી તેને ખરીદવા માટે અગાઉથી યોજનાઓ તૈયાર કરવી પડે છે. જેને “મૂડી ખર્ચની યોજના”, “મૂડી બજેટ” કે “મૂડી અંદાજપત્ર” કહેવામાં આવે છે.

આવી મૂડી ખર્ચની કોઈ પણ યોજના સ્વીકારતાં પહેલાં સંચાલકોએ અનેક બાબતોનો વિચાર કરવો પડે છે. જુદી જુદી વૈકલ્પિક યોજનાઓમાં કેટલું રોકાણ કરવું ? દરેકમાંથી કેટલું વળતર મળશે ? અથવા કેટલી રોકડ મળશે ? રોકાણ કેટલી મુદતમાં પરત મેળવી શકાશે ? આ બધાં પ્રશ્નોનો વિચાર કરીને કોઈ એક લાભકારક યોજના પસંદ કરવામાં આવે છે.

* <u>મૂડી બજેટની વ્યાખ્યા</u> :

(૧) સરળ શબ્દોમાં -

" મૂડી બજેટ કે મૂડી અંદાજપત્ર ભવિષ્યના સમય દરમિયાન અપેક્ષિત મૂડીખર્ચના અંદાજોની રજૂઆત કરે છે."

(૨) શ્રી શુકેટ અને મોક –

" મૂડી બજેટ એ મૂડીના રોકાણથી પદ્ધતિસરના આયોજનનો નિર્ણય લેવાની પ્રક્રિયા છે."

(૩) શ્રી શોલ અને હેલી –

" મૂડી મિલકત પર કેટલો ખર્ચ કરવો અને કઈ મિલકત પ્રાપ્ત કરવી તે નક્કી કરવાની પ્રક્રિયાને મૂડી બજેટ બનાવવું કહેવામાં આવે છે. આવા ખર્ચ માટેની યોજનાને મૂડી બજેટ કહેવામાં આવે છે."

(૪) શ્રી ચાર્લ્સ હોર્નગ્રેન –

" મૂડી બજેટ પ્રસ્તુત મૂડી ખર્ચાઓ કરવાનું અને તેના માટે નાણાં પૂરા પાડવાનું લાંબા ગાળાનું આયોજન છે."

* ## મૂડી બજેટના લક્ષણો :

(૧) લાંબા ગાળા માટેના મૂડી ખર્ચાઓ

(૨) મોટી રકમનું રોકાણ

(3) યોગ્ય પૂર્વાનુમાન જરૂરી

(૪) નિર્ણય રોજેરોજ નહિ

(૫) નિર્ણયો લેવાનું મુશ્કેલ

(૬) મિલકતોની કાર્યશક્તિનું આયોજન

(૭) સંચાલનની નીતિઘડતરનો એક ભાગ

* **મૂડી બજેટનું મહત્વ :**

(૧) ખૂબ મોટો ખર્ચ

(૨) ધંધા પર લાંબા ગાળા સુધી અસર

(3) વેચાણ માટેના અંદાજ અને ચોક્કસતા

(૪) ધંધાની નફાકારકતા પર નોંધપાત્ર અસર

(૫) મૂડી ખર્ચ અંગેના નિર્ણયો બદલવા મુશ્કેલ

* <u>મૂડી બજેટની પ્રક્રિયા</u> :

(૧) પ્રોજેક્ટની રચના કે ઉદ્‌ભવ

(૨) યોજનાનું મૂલ્યાંકન

(અ) નફાનું અને ખર્ચનું અંદાજીકરણ

(બ) પ્રોજેક્ટ માટેનાં ધોરણોની પસંદગી

(૩) યોજનાની પસંદગી

(૪) યોજનાનો અમલ

* મૂડી બજેટના નિર્ણયના પ્રકાર :

* પેઢીના ભૂતકાળના અહેવાલો પરથી

(અ) પડતર ઘટાડાના નિર્ણય માટે :

(૧) પુનઃ સ્થાપનાનો નિર્ણય

(૨) આધુનિકીકરણનો નિર્ણય

(બ) આવક વધારવા અંગેના નિર્ણય

(૧) વિસ્તરણના નિર્ણયો

(૨) રૂપાંતરિત નિર્ણયો

(3) નવા ધંધાની સ્થાપનાના નિર્ણયો

* પેઢીની વર્તમાન પરિસ્થિતિ પરથી

(૧) પારદર્શક નિર્ણયો

(૨) સ્વીકાર અસ્વીકારનો નિર્ણય

(3) આકસ્મિક નિર્ણય

* ## મૂડીની માપબંધી :

જયારે કંપની પાસે મર્યાદિત ભંડોળ હોય ત્યારે મૂડીની માપબંધીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. “ મૂડીની માપબંધી એટલે એવી પરિસ્થિતિ કે જેમાં કંપની બધી જ નફાકારક એવી યોજનાઓમાં મૂડીરોકાણ કરી શકતી ન હોય ત્યારે સૌથી વધુ નફાકારક એવી યોજનાની પસંદગી કરી તે અંગે જ મૂડી ફાળવવી.”

આમ, જયારે મૂડીની માપબંધી હોય ત્યારે સૌથી વધુ નફાકારક યોજનાઓ નક્કી કરવી પડે છે. વિવિધ યોજનાઓને તેમની નફાકારકતાના ક્રમમાં ગોઠવવી પડે છે અને કંપનીના મર્યાદિત ભંડોળનું એવી યોજનાઓમાં રોકાણ કરવું પડે છે અથવા ભંડોળની ફાળવણી કરવી પડે છે કે જેથી કંપનીને વધુમાં વધુ વળતર મળે.

જો કંપની પાસે અમર્યાદિત નાણાંભંડોળ હોય તો તે બધી જ નફાકારક યોજનાઓ સ્વીકારી લેશે. પરંતુ વ્યવહારમાં ભાગ્યે જ એવું બને કે બધી કંપનીઓ પાસે અમર્યાદિત ભંડોળ હોય. આથી, કંપની દ્વારા યોજના સ્વીકારવાના નક્કી કરેલા ધોરણ મુજબ યોજનાઓને ક્રમમાં ગોઠવવામાં આવશે અને જ્યાં સુધી મૂડીભંડોળ પહોંચે ત્યાં સુધી નફાકારકતાના ક્રમમાં યોજના સ્વીકારવામાં આવશે.

* **મૂડી બજેટની વિવિધ પધ્ધતિઓ : (થીયરી અને દાખલાઓ)**

(૧) રોકાણ પરત મુદ્દતની પધ્ધતિ

(Pay Back Method)

(૨) સરેરાશ વળતર દરની પધ્ધતિ

(Average Rate of Return Method)

(3) ચોખ્ખા વર્તમાન મૂલ્યની પધ્ધતિ

(Net Present Value Method)

(૪) નફાકારકતાના આંકની પધ્ધતિ

(Profitability Index Method)

(પ) આંતરિક વળતરના દરની પધ્ધતિ

(Internal Return Rate Method)

* THANK YOU *